# એન્ટિરેગિંગ સેલ



**ડો. બિજલ આર. મિસ્ત્રી**
કન્વીનર

રેગિંગ એ શિક્ષણ ક્ષેત્રનો એક સળગતો પ્રશ્ન છે. પોતાની કારકિર્દીને ઉજ્જવળ બનાવવા, પોતાના ભવિષ્યને સુરક્ષિત બનાવવા વિદ્યાર્થીઓ કેટલીય આશા અરમાનો સાથે પ્રવેશ મેળવે છે, પરંતુ પ્રવેશ મેળવ્યા પછી ક્યારેક એવી ઘટનાનો સામનો કરવો પડે છે કે જેનાથી ક્યારેક વિદ્યાર્થી પોતાનો જાન ગુમાવી બેસે છે અથવા ડીપ્રેશનનો ભોગ બની જાય છે.

આવી ઘટનાઓ ન ઉદ્‌ભવે તે માટે સરકારશ્રી અને દરેક યુનિવર્સિટી સજાગ બની એના પરિપાક રૂપે દરેક કૉલેજમાં એન્ટિરેગિંગ સેલની રચના કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય સચવાય તે માટે સરકારશ્રીના આદેશથી દરેક કૉલેજમાં કડક હાથે કામ લેવાનું સૂચવવામાં આવ્યું, દરેક કૉલેજમાં ફરજિયાતપણે આ સેલની રચના કરવાનો આદેશ આવ્યો.

**<u>આ સેલ વર્ષ દરમ્યાન નીચે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરે છે.</u>**

- પ્રશિક્ષણાર્થીઓ કૉલેજમાં પ્રવેશ મેળવે પછી વાલીઓ પાસે અને તાલીમાર્થીઓ પાસે બાંહેધરી પત્ર ભરાવવામાં આવે છે. જેમાં પોતાનો પાલ્ય, કોઈપણ પ્રકારની કનડગત કોઈપણ વિદ્યાર્થીને નહી કરે તેવી બાંહેધરી આપે છે અને વિદ્યાર્થીઓ પણ આ પ્રકારની બાંહેધરી આપે છે.
- સરકારશ્રીમાંથી જ્યારે પણ આ સેલની માહિતી માંગે અથવા કોઈપણ પ્રકારની કાર્યવાહી માટે સૂચવવામાં આવે છે. તમામ બાબતોનો સત્વરે અમલ કરવામાં આવે છે.
- યુનિવર્સિટીમાં પણ ઓનલાઈન ફોર્મ ભરાવવામાં આવે છે.
- કોઈપણ વિદ્યાર્થી રેગિંગનો ભોગ ના બને તે માટે સતત સજાગ રહી કાર્ય આ સેલ કરે છે. આ ઉપરાંત "રીડ્રેસર સેલ" ની રચના કરી "સજેશન બોક્ષ" દ્વારા તાલીમાર્થીઓના પ્રશ્નોને જાણીને તેને દૂર કરવાના પ્રયત્ન કરવામાં આવે છે. સજેશન બોક્ષ દર મહિનાના છેલ્લા શનિવારે આચાર્યાશ્રી અને વિદ્યાર્થી મંડળના પ્રતિનિધિની હાજરીમાં ખોલવામાં આવે અને જે પ્રશ્નો હોય તેને હલ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. આચાર્યશ્રી, સમગ્ર અધ્યાપક ગણ દ્વારા પણ આ માટેના પ્રયત્નો સતત થતાં રહે છે.

**<u>એન્ટિરેગિંગ સેલની કમિટીના સભ્યો આ પ્રમાણે છે.</u>**

- ચેરમેન અને આચાર્ય – ડૉ. ડી. આર. પરમાર
- કન્વીનર – ડૉ. બિજલ આર. મિસ્ત્રી
- મેમ્બર – ડૉ. મીનાબેન એચ. રાઠોડ, ડૉ. શેતલબેન બી. ખૈર, ડૉ. વૈશાલીબેન એલ. ભાવસાર
- જનરલ સેક્રેટરી – દર્શિતા પરમાર, શ્વેતા વાળંદ
- વર્ગ પ્રતિનિધિ – બિંદુ સામાણી, હેતા રાવલ
- સભ્યો – મોનિકા પરમાર, ડિમ્પલ બારીયા, નંદિની દેરાસરી, વર્ષા કાછેલા, સોનલ, નેહલ, ધ્રુવી મકવાણા, પારૂલ રાઠવા